(M)

—— COPY ——


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 363

તા:૦૮.૧૧.૨૦૧૭

શ્રીમતી રેમ્યા મોહન IAS
જીલ્લા કલેક્ટરશ્રી,,
જીલ્લા કલેક્ટરશ્રીની કચેરી,
કચ્છ જીલ્લા સેવા સદન,
ભૂજ - કચ્છ

વિષય: ગાંધીધામ સંકુલની જમીનોની લીઝ હોલ્ડ થી ફ્રી હોલ્ડની પ્રક્રિયા અંતર્ગત સ્ટેમ્પ ડ્યુટી વસૂલવા બાબત....

માનનિય બહેનશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે તા.૧૬.૧૨.૨૦૧૬નાં રોજ માનનિય મંત્રી શ્રી (મહેસુલ)નાં અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં ચર્ચા થયા અનુસાર આપનાં પત્ર નં રેવ/માહિતી/૧૨/૨૦૧૬ તા. ૨૯.૧૨.૨૦૧૬ સાથે મોકલાવેલ બિડાણ અનુસાર કલેકટર કચેરીએ કંડલા પોર્ટની ફ્રી હોલ્ડ પ્રક્રિયા અંતર્ગત સ્ટેમ્પ ડ્યુટીની મુક્તિ બાબતે મે. સુપ્રિ. ઓફ સ્ટેમ્પશ્રી, ગાંધીનગરને પત્ર ક્રમાંક/સ્ટેમ્પ/કંડલા પોર્ટ/ફ્રી હોલ્ડ/૧૨૨૬૪ તા.૩૦.૦૮.૨૦૧૬ દ્વારા માર્ગદર્શન માંગેલ છે.

અમોને આશા છે કે આપને જરૂરીયાત મુજબનું માર્ગદર્શન મળી ગયું હશે તો આપ અમને આ બાબતે માહિતગાર કરશોજી.

આ સંદર્ભે અમારી સ્પષ્ટ રજૂઆત છે કે અહીંના ટાઉન પ્લાનીંગ મુજબના જે પ્લોટો / જમીન ફાળવવામાં આવેલ છે તેના ૯૯ વર્ષનાં ભાડા પટ્ટેદાર કે પેટા ભાડા પટ્ટેદારનાં દસ્તાવેજો થયેલા છે અને આ દસ્તાવેજો ઉપર જે તે સમયે નિયમો અનુસાર સ્ટેમ્પ ડ્યુટી ભરાયેલ છે. આ ઉપરાંત આ મિલકતો જ્યારે પણ વેચ-સાટ થાય છે ત્યારે દરેક વખતે વેચાણનાં ધોરણે થતી સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં આવે છે અને પછી જ એ દસ્તાવેજો રજીસ્ટર થયેલ છે. આથી હવે જ્યારે પ્લોટ લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડ થઈ રહ્યા છે ત્યારે તેનો દરજ્જો જ બદલાય છે જેથી સ્ટેમ્પ ડ્યુટી ફરીથી વસૂલી ન શકાય અને આ પ્રકારની કાર્યવાહી બિલકુલ અન્યાયી છે. અમારું સ્પષ્ટ મંતવ્ય છે કે જે અરજદારોએ ફ્રી હોલ્ડની પ્રક્રિયા અંતર્ગત સ્ટેમ્પ ડ્યુટી ભરેલ છે તેમને આ સ્ટેમ્પ ડ્યુટીનું રીફંડ તાત્કાલિક આપવું જોઇએ.

હાલમાં લીઝ હોલ્ડ થી ફ્રી હોલ્ડની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે તેથી આ બાબતની સ્પષ્ટતા બહુ જ જરૂરી છે.

આપના ત્વરીત પ્રત્યુતરની અપેક્ષા સહ....

આપનો વિશ્વાસુ

મુરલીધર જગાણી
માનદ્ મંત્રી

નકલ રવાના: શ્રી વિનોદભાઈ ચાવડા, સાંસદ